આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૬૦ | ૨૨ ઓગસ્ટ, ૨૦૧૪, શુક્રવાર; શ્રાવણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

દાન માટે ટહેલ નાખવી કે જાહેર અપીલ કરવી પડે તે વાત સ્વયં સ્પષ્ટ છે કે માનવતા ને પ્રસંગે પ્રસંગે ઢંઢોળવી પડે તેવી મૂતઃપ્રાત સ્થિતિમાં છે

- સુધા મૂર્તિ

# જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતાતુર

## પિયત માટે વીજ પુરવઠાની સમય મર્યાદામાં વધારો કરવા તીવ્ર બનતી માંગ : કપાસ સહિતના પાકોના ઉત્પાદન પર વિપરીત અસરોનો ભય

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યમાં બીજી તબક્કાનો વરસાદ ખેંચાતાં ખેતીને લઈ ખેડૂતો ભારે ચિંતાતુર બન્યા છે અને ખેતીને બચાવવા માટે વીજપુરવઠો હાલ જે આપવામાં આવે છે તેમાં વધારો કરવા તેમજ પિયત માટે પાણી આપવાની માંગ કરી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં આ વખતે ખરીફનું વાવેતર છેલ્લા દસકામાં સૌથી ઓછુ સીઝનના પ્રારંભથી અત્યાર સુધીના સમયગાળાનું નોંધાયું છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૬૦૩૪ હેક્ટર વિસ્તારમાં જ વાવેતર થવા પામ્યું છે.

વરસાદની અનિયમિતતા અને સીઝનનો ૪૫ થી ૪૮ ટકા જેટલો જ વરસાદ નોંધાતા ખેડૂતોમાં વાવણીનો મૂડ ઓફ જોવા મળી રહ્યો છે.

હાલ વરસાદ ખેંચાતા કપાસ-મગફળી અને ઘાસચારાના પાકને નુકશાન થવાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે. ખેડૂતો હવે પોતાના પાકને બચાવવા માટે સરકાર તાકીદે પાણી આપે તેમજ વીજપુરવઠો જે ૬ થી ૮ કલાક અપાય છે તેમાં વધારો કરી ૧૨ થી ૧૫ કલાક કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

કપાસ મગફળી તેમજ ઘાસચારાના પાકને પિયત માટે વરસાદ જરૂરી છે. જો વરસાદ ના થાય તો આ પાકના ઉત્પાદનને ભારે નુકશાન થવાનો ભય ઉભો થયો છે.

દિવસે જે રીતે ગરમી પડી રહી છે અને રાત્રે જે ભેજનું વાતાવરણ જોવા મળી રહ્યું છે તેને લઈ પણ ખેડૂતો વધુ ચિંતીત બન્યા છે. જો આગામી ૧૦ દિવસમાં વરસાદ ના થાય તો આ પાકની સ્થિતિ વધુ કફોડી થવાનો ભય છે.

ખેડૂત આગેવાનોના જણાવ્યાનુસાર આ વખતે વરસાદ મોડો થતાં વાવણી પણ ઘટી છે તેમજ હવે જે રીતે વરસાદ ખેંચાયો છે તે જોતાં આકાશી ખેતી કરતા ખેડૂતો ઘેરા સંકટમાં મુકાયા છે.

જિલ્લામાં આમ તો ખરીફ સિઝનમાં ૧,૬૦,૦૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થવાના અંદાજો સાથે પાક આયોજન કરાયુ હતુ પરંતુ વરસાદની અનિયમિતતાને ધ્યાને રાખી અત્યાર સુધીમાં માત્ર ૯૬,૩૬૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. જેમાં કપાસનું વાવેતર ૩૦ હજાર હેક્ટરમાં થયું છે.



ફરકડી - મેળાની મોસમમાં ફરકડીનો મહિમા મોટો હોય છે... નાના ભૂલકાઓ મેળામાં જઈ ફરકડીની મજા માણતા હોય છે... કાગળની કરામત અને પવનનો સહયોગ ક્ષણિક મનોરંજન નિર્માણ કરે છે... બાળમાસન ઉપર ફરકડીથી સર્જાતું નાનકડું કૌતુક સાત્વિક આનંદ ઉભો કરે છે... આજકાલ શ્રાવણના મેળાઓમાં ફરકડીના ફેરીયાઓ ઠેર ઠેર જોવા મળે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે વિટકોસ મામલે નિર્ણય કરાશે

## મનપાની સ્ટેન્ડીંગ કમિટીમાં વિટકોસની મુદત વધારવી કે લંબાવવા અંગે ચર્ચા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મહત્વની બેઠક ચેરમેન શ્રી આશિષ દવેના અધ્યક્ષસ્થાને બપોરે ૨.૩૦ વાગે કોર્પોરેશનમાં મળશે.

શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળનાર આ બેઠકમાં ફાયર ઓફિસર માટે નવી ગાડી ખરીદવા માટે, મ્યુનિ. કમિશનરશ્રી ના આવાસમાં જરુરી સુવિધાઓ ઉભી કરવા માટે તેમજ અન્ય એક-બે કામો પર ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવામાં આવનાર છે.

આ બેઠકમાં શહેરમાં ચાલતા સ્વચ્છતા અભિયાન અંગે પણ સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. આ બેઠકમાં ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન પ્રોજેકટ અંગેની પ્રગતિને લઈ પણ ચર્ચાઓ થાય તેવી શકયતાઓ છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં આંતરિક વાહન વ્યવહાર માટે વિટકોસનો કોન્ટ્રેકટ પૂર્ણ થવામાં હોઈ તે અંગેની ટેન્ડરીંગ અંગેની પ્રક્રિયા પૂર્ણ ના થાય ત્યાં સુધી મુદત લંબાવવા અંગેની ચર્ચાઓ પણ આ બેઠકમાં થશે.

ગાંધીનગર શહેરમાં આંતરિક વાહન વ્યવહાર માટે એ.એમ.ટી.એસ. જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરવાની વિચારણા ચાલી રહી છે. જો કે આ માટેનું ટેન્ડર તૈયાર કરવાની કાર્યવાહી હાલ ગતિમાં હોવાનું મનપાના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

વિટકોસ દ્વારા શહેરના આંતરિક સેકટરોને બદલે ગ્રામ્ય વિસ્તાર અને તેની આસપાસના વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે જયારે આંતરિક વાહન વ્યવહારની સમસ્યા શહેરમાં યથાવત રહી હોવાથી તંત્ર વાહકો પણ મુંઝવણમાં છે અને તેથી જ હવે ટેન્ડરોની શરતો આખરી કરી સેવાઓ સેકટરોમાં શરૂ થાય તે દિશામાં આગળ વધી રહેલ છે.



સર્જન શક્તિ - બાલચિત્ર સ્પર્ધા એ બાળકોની આંતરિક શક્તિની અભિવ્યક્તિ માટેનું ઉત્તમ માધ્યમ છે... બાલમાનસમાં નિર્માણ થતી સર્જનશક્તિનું પ્રતિબિંબ, તેની કલ્પના શક્તિમાં અને કલ્પના દ્વારા દોરાતા ચિત્ર પર દશ્યમાન થાય છે... સેકટર-૩ડી સાંઈબાબા મંદિર ખાતે યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. (તસવીર : દિપક જાની)

# પ્રધાનમંત્રી જનધન યોજના ૨૮મીએ ગાંધીનગરમાં ખુલ્લી મુકવામાં આવશે

## મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, દેનાબેંકના ચેરમેનની હાજરીમાં યોજના ખુલ્લી મુકાશે

ગાંધીનગર, તા. ૨૧

પ્રધાનમંત્રી જનધન યોજના આગામી ૨૮મી ઓગસ્ટના રોજ રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની હાજરીમાં ગાંધીનગર ટાઉનહોલ ખાતે ખુલ્લી મુકવામાં આવશે. આ માટેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ જનધન યોજના અંગેની ઘોષણા ૧૫મી ઓગસ્ટે કરી હતી. આ યોજના અંતર્ગત ૨૮મીથી તેનો વિધિવત્ પ્રારંભ થશે.

દેના બેંકના ઝોનલ મેનેજર શ્રી ધનંજયકુમારે આજે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે રાજયકક્ષાએ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે અને દેના બેંકના ચેરમેન શ્રી પણ આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

શ્રી ધનંજયકુમારે જણાવ્યું હતું કે વિત્તીય સાક્ષરતા માટેનું આ અનોખુ અભિયાન છે. જેમાં બેંકમાં ખાતુ ખોલવા ઉપરાંત ખાતેદારને વિમાકવચ પણ પ્રાપ્ત થશે. આ યોજનામાં દરેક ઘરદીઠ ઓછામાં ઓછા બે બચત ખાતા ખોલવામાં આવે તેવું લક્ષ્યાંક છે અને આ માટેની કાર્યવાહી તમામ બેંકો દ્વારા શરૂ કરી દેવામાં આવી છે.

દેના બેંક ગાંધીનગરમાં લીડ બેંક હોવાથી આ યોજનાના પ્રારંભ માટેની તૈયારીઓ તે સંભાળી રહેલ છે અને તે માટે પૂરજોશમાં કામગીરી ચાલી રહી છે.

તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં ૯૦ ટકા જેટલા ઘરમાલિકોને બેંકિંગ સેવાથી અત્યાર સુધીમાં સાંકળી લેવામાં સફળતા મળી છે. આ અભિયાનમાં મહિલાઓના બચત ખાતાં વધુ ખુલે તે માટેના ભરપૂર પ્રયાસો કરવામાં આવશે.

લીડ બેંક મેનેજરશ્રી અનિલ પુરોહિતે જણાવ્યું હતું કે બધી જ બેંકો દ્વારા એક સાથે આ અનોખુ અભિયાન શરૂ થઈ રહ્યું છે. આ યોજનામાં વિદ્યાર્થીઓના નાની બચત ખાતા

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાના ૩૨ ગામો હજુ પણ બેંકિંગ સુવિધાથી વંચિત

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ૩૨ ગામો હજુ સુધી બેંકિંગ સેવાઓથી વંચિત છે. આ ગામોને માર્ચ ૨૦૧૫ સુધીમાં આવરી લેવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં ૨ હજારથી ઓછી વસતી ધરાવતા ગામોને બેંકીંગ સેવાઓથી સાંકળી લેવાનો લક્ષ્યાંક માર્ચ-૨૦૧૪ નો નિયત થયો હતો પરંતુ તેમાં વિલંબ થવા પામ્યો છે.

હાલ બેંકોએ આ નાના ગ્રામ્ય વિસ્તારોમાં બેંક કાઉન્ટરો અથવા બીઝનેશ કાઉન્સિલરોની નિયુક્તી કરી ગ્રામ્ય વિસ્તારોને આવરી લેવાની વ્યુહરચના અમલી બનાવેલી છે.

એક તરફ રાજ્ય સરકાર દ્વારા સર્વસમાવેશક વિત્તીય સેવાઓનો મહત્વનો કાર્યક્રમ અમલી બનાવવા કટિબદ્ધ બની છે ત્યારે બેંકો દ્વારા દાખવવામાં આવી રહેલી ઉદાસીનતાને લઈ સરકાર પણ દ્વિધા અનુભવી રહી છે. તેણે આ બાબતે આર.બી.આઈ.નું પણ ધ્યાન દોર્યું હોવાનું જાણવા મળેલ છે.

# શાંતિગ્રામ કન્સ્ટ્રકશન સાઈટને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં શાંતિગ્રામ કન્સ્ટ્રકશન સાઈટને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા માટેની કવાયત આરોગ્યતંત્રએ તેજગતિએ હાથ ધરી છે અને આગામી એકાદ-બે દિવસમાં આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

ગઈકાલે જિલ્લામાં રોગચાળાની સ્થિતિને લઈ પ્રભારી સચિવે યોજેલી સમીક્ષા બેઠક બાદ આ ગતિવિધિ તેજ બની છે. મળતી વિગતો પ્રમાણે છેલ્લા બે દિવસમાં આ વિસ્તારમાંથી બે કોલેરા પોઝીટીવના કેસો નવા મળી આવતાં તંત્રએ આ કામગીરી હાથ પર લીધી છે. અત્યાર સુધીમાં આ વિસ્તારમાંથી ૧૦ થી વધુ કેસ છુટા છવાયા કોલેરાના મળી આવ્યા છે.

આરોગ્યતંત્ર અને વહીવટીતંત્ર વચ્ચે આ અંગે અત્યંત ચૂપકૂદીભરી રીતે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જો કે જાહેરનામુ એકાદ-બે દિવસમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ગઈકાલે મળેલ સમીક્ષા બેઠકમાં પણ પ્રભારી સચિવશ્રીએ રોગચાળાને વકરતો જ અટકાવી દેવા અને આરોગ્ય સેવાઓના સઘનીકરણની સાથે સાથે સ્વચ્છતા જાળવણી માટે ખાસ ભાર મુક્યો હતો.

તેમણે વરસાદી પાણીના નિકાલ માટે પણ અસરકારક કામગીરી કરવા તંત્રને તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે.

## NEWS બિટ્સ

**● ગોપીનાથ મુંડેની બીજી દીકરી પ્રીતમ રાજકારણમાં**



ગોપીનાથ મુંડેનો રાજકીય વારસો સંભાળવા પંકજા મુંડે બાદ હવે તેમની બીજી પુત્રી પ્રિતમ પોલિટિક્સમાં આવી રહી છે. ગોપીનાથ મુંડેના નિધન બાદ ખાલી પડેલી બીડની લોકસભાની સીટ પર હવે પ્રીતમ મુંડે બીજેપીની ઉમેદવાર બનશે. અગાઉ એવી અટકળ લગાવવામાં આવી હતી તે બીડની સીટ પરથી મુંડેના પત્નિ પ્રજ્ઞા મુંડે લડશે. પરંતુ હવે પરિવારે દીકરી પ્રીતમને રાજકારણમાં ઉતારવાનો નિર્ણય લીધો છે.

**● ભ્રષ્ટાચારમાં ફસાયેલા ઓફિસરોની યાદી તૈયાર**



નરેન્દ્ર મોદી સરકારે એવા સરકારી ઓફિસરોની યાદી જાહેર કરી છે જેમની વિરૂદ્ધ યુપીએના ૧૦ વર્ષના શાસનકાળમાં ભ્રષ્ટાચારની તપાસ શરૂ કરવામાં આવી હતી. પરંતુ તેની તેમના ઉપર કોઈ અસર નહોતી પડી. આ ઓફિસરોએ પોતાની વગનો ઉપયોગ કરીને તપાસ પ્રક્રિયાની ફાઈલો દબાવી દીધી હતી. રહસ્યમય રીતે તપાસ અટકી ગઈ હોય તેવા આ અધિકારીઓને નવી સરકાર સાણસામાં લેશે.

**● વિદેશમાં વાત કરવુ હવે સસ્તુ બનશે**

દેશમાં કોલ દરો સ્પર્ધાત્મક બનાવ્યા બાદ હવે ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડિયાએ વિદેશમાં વાતચીત કરવાનુ સસ્તુ બનાવવા તૈયારી



કરી છે. ટ્રાઈએ આંતરરાષ્ટ્રીય કોલ કરવા ઈચ્છતા ગ્રાહકોની સુવિધા માટે આંતરરાષ્ટ્રીય કોલીંગ કાર્ડ બહાર પાડવા સૂચના આપી છે. ૪૦ પૈસા અને લેન્ડલાઈન પરથી પ્રતિ મિનિટનો રૂ. ૧.૨૦ પૈસા ચાર્જ નિશ્ચિત કર્યો છે.

**● બેંકોની મહિલા કર્મચારીઓ હવે પસંદગીની જગ્યાએ બદલી કરાવી શકશે**

રાષ્ટ્રીય બેન્કોમાં નોકરી



કરતી મહિલાઓ માટે સારા સમાચાર છે. તેઓને હવે તેના પતિ-માતા-પિતા રહેતા હોય તે શહેર-ગામમાં બદલી મેળવવાનો અધિકાર રહેશે. કેન્દ્ર સરકારે આ મુજબ નવી બદલી નિતી નક્કી કરવા મેનેજમેન્ટને સૂચના આપી છે. કૌટુંબીક સમસ્યા ન સર્જાય તે માટે આ પ્રકારના આદેશો કરાયા છે.

**જોઈએ છે**

ગાંધીનગર, સરગાસણમાં નવા કન્સ્ટ્રકશનના પ્રોજેક્ટમાં

લેડી રીસેપ્સનીષ્ટ કમ માર્કેટીંગ તથા ઓફિસ બોય સ્ટાફ.

મળો : કેપીટોલ ફ્લોરા

આસ્કા હોસ્પિટલની સામે, ૨૦૦ ફુટ સરગાસણ-શાહપુરના મેઈન રોડ પર, સરગાસણ, ગાંધીનગર.

સમય : ૧૦ થી ૧

**વોક ઇન ઈન્ટરવ્યુ**

(તા.૨૫-૮-૧૪ થી તા.૨૭-૮-૧૪ સમય બપોરે ૧૨ થી ૪ વાગે)

M.A.,B.ed (English, Sanskrit, Gujarati, Pycology)

B.SC.,B.ed. (Maths,Science)

B.A.,DP.ed (P.T. Teacher)

(અરજી, બાયોડેટા તથા અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવું)

સ્થળ: શેઠ મ.ભ.માધ્યમિક શાળા

રામજી મંદિરની બાજુમાં, પેથાપુર, મો.9428530060

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧




**CCTV**

બેંક, સ્કૂલ, કોલેજ, જ્વેલર્સ, રેસીડેન્સ, ઓફીસ, શો-રૂમ વગેરે જગ્યાએ CCTV કેમેરા



IP Camera,
IR Speed Dome Camera,
IP Dome Box type Camera,
Power Supply, DVR etc.

CCTV કેમેરા લગાડવા માટે સંપર્ક કરો.

APEX ELECTRONICS

E-236, GIDC, Sector-26, Gandhinagar. Ph. 79-23287800
Mo. 7600044511, 9974003830, 98250 42439
Email : apexelectronics@yahoo.com